૨૬-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો પરસ્પર રિસાઈને ક્યારેય ભણતર ને નહીં છોડતા, ભણતર છોડવું એટલે બાપને છોડી દેવાં"**

**પ્રશ્ન :-** સર્વિસ ની (સેવાની) વૃધ્ધિ ન થવાનું કારણ શું છે?

**ઉત્તર :-**જ્યારે પરસ્પર મતભેદ થાય છે ત્યારે સર્વિસ ની વૃધ્ધિ નથી થતી. કોઈ-કોઇ બાળકો મતભેદ માં આવીને ભણતર છોડી દે છે. બાબા સાવધાન કરે છે કે બાળકો મતભેદ માં નહીં આવો, ક્યારેય ઝરમુઇ ઝગમુઇ ની વાતો નહીં સાંભળો, એક બાપનું સાંભળો, બાપને સમાચાર આપો તો બાબા તમને સોળે કળા સંપૂર્ણ બનવાની મત આપશે.

**પ્રશ્નઃ- ભણતર છોડવાનું પહેલું મુખ્ય કારણ કયું બને છે?**

**ઉત્તરઃ-** નામ-રુપ ની બિમારી. જ્યારે કોઈ દેહધારી નાં નામ રુપમાં ફસાય છે તો ભણવામાં દિલ (મન) નથી લાગતું. માયા આ જ વાત થી હરાવી દે છે - આ જ ખૂબ મોટું વિઘ્ન છે.

**ઓમ્ શાંતિ!** બાળકો બેઠા છે, દિલ માં નિશ્ચય છે કે બેહદનાં બાપ આવેલાં છે, બેહદનો વારસો આપે છે. તમે સન્મુખ બેઠાં છો. જાણો છો કે આ સર્વ આત્માઓનાં બાપ છે. આ શરીર દ્વારા સમજાવી રહ્યાં છે. કલ્પ-કલ્પ આમ જ સમજાવે છે અને વારસો આપે છે, બીજું કોઈ આ જ્ઞાન આપી ન શકે. બાબા સમજાવે છે ક્યારેય પણ કોઈ દેહધારી ને યાદ નહીં કરતાં, ૫ તત્વો નાં શરીર ને ભૂત કહેવાય છે. તો તમારે ૫ તત્વો નાં શરીરને યાદ નથી કરવાનું. ભલે માયા બહુજ વિઘ્ન નાખે છે પરંતુ હારવાનું નથી. બુદ્ધિમાં રહે કે મારા તો એક બાબા બીજું ન કોઈ. આ બાબાનાં શરીરની સાથે પણ તમારો લવ (પ્રેમ) ન હોવો જોઈએ. કોઈ પણ શરીર ની સાથે લવ રાખ્યો તો અટકી જશો. બાબા જાણે છે ઘણાં મેલ્સ (પુરુષો) ની પણ પરસ્પર એવી દોસ્તી થઈ જાય છે, જે એક-બીજા નાં નામ રુપ માં ફસાઈ મરે છે. એમની પ્રીત થઇ જાય છે જે શિવબાબા ને ભૂલી જાય છે. બે કન્યાઓ (ફિમેલ્સ) નો પણ પરસ્પર એટલો લવ થઈ જાય છે જેમકે આશિક હોય છે. એમને કેટલી પણ જ્ઞાનની સમજણ આપો પરંતુ માયા છોડતી નથી કારણ કે ઈશ્વરીય મત ની વિરુધ્ધ ચાલે છે. ભલે જ્ઞાન પણ ઉઠાવી લે પરંતુ અવસ્થા ડગમગ રહે છે. યોગ થી જે વિકર્મ વિનાશ થાય, તે થતા નથી. એવાં-એવાં ઘણાં છે, બાબા નામ નથી લેતાં.

બીજી વાત-બાબા સમજાવે છે ક્યારેય પણ ભણતર નહીં છોડતાં. ભલે બ્રાહ્મણી સાથે ન બને, દિલ ખસી જાય છે પરંતુ ભણતર જરુર ભણવાનું છે. બાબાને સમાચાર આપતા રહેવાનું છે. અંતે બાબા મતભેદ ખતમ કરી દેશે. મતભેદ નાં કારણે ઘણાં બાળકો પોતાનું ખાવાનું (ખાતુ) ખરાબ કરી દે છે, (રજીસ્ટર પર ડાઘ લગાવી દે છે), ભણતર છોડી દે છે. ભણતર કોઈ પણ હાલત માં છોડવું ન જોઈએ. આમ ઘણાં પડી જાય છે. બાબા સાવધાન કરે છે બાળકો તમારે કોઈ સાથે પણ ઝરમુઇ-ઝગમુઇ ની વાતો નથી સાંભળવાની. એક બાપનું જ સાંભળવાનું છે. ઘણાં બાળકો છે જે દેહ-અભિમાન ની બિમારીમાં રોગી થઇ મરે છે. બાળકોને ફરમાન (આજ્ઞા) છે - હંમેશા બાપને યાદ કરો, એમની જ મહિમા કરતાં રહો. શિવબાબા જ કળિયુગી પતિત દુનિયાને પાવન શ્રેષ્ઠાચારી બનાવે છે. બાબાને બાળકો નો ખ્યાલ રહે છે કે માયા ક્યાંક બાળકોને મારી ન નાખે અથવા બિમાર ન કરી દે. બાળકો જો સમાચાર નથી આપતા તો સમજી જાઉં છું કે માયા ની જોરથી થપ્પડ લાગી છે, તેથી મોરલી માં સમજાવાય છે. તકદીર માં નથી તો પોતાનાં જ ધંધામાં લાગી જાય છે. કોઈ તો એક-બીજા નાં નામ રુપ માં

એવાં ફસાય છે જેમકે આશિક માશુક બને છે. પછી મમ્મા બાબા ને પણ યાદ નથી કરતાં. એક-બીજા ને યાદ કરતા રહે છે. આ બધાં વિઘ્ન માયા નાખે છે. કોઈની તકદીર માં નથી તો કેટલું પણ બાબા સમજાવે, વાહિયાત (વ્યર્થ) વાતો ન કરો તો પણ કરતા રહે છે. કોઈ અજ્ઞાન માં જીવન કહાણી લખે છે. આપણે થોડી જીવન કહાણી વગેરે બનાવવાની છે. આપણે બાબા નાં સિવાય કોઇને યાદ નથી કરવાનાં. નહેરુ મર્યા તો એમને કેટલાં યાદ કરે છે. તમે પણ એવી રીતે યાદ કરો તો બાકી તમારા અને એમનામાં ફરક શું રહ્યો? જ્ઞાન માર્ગ માં ખૂબ સમજ જોઈએ. જ્યાં સુધી શિવબાબા સાથે યોગ નથી તો બુદ્ધિ નું તાળું નથી ખુલતું. સર્વિસ નથી કરી શકતાં, પદ ભ્રષ્ટ કરી લે છે તેથી બાબા સાવધાન કરે છે કે કોઈ પણ મતભેદ હોય તો બાબા ને લખો. બધાં સોળે કળા સંપૂર્ણ તો નથી બન્યાં. કોઇ કાચ્ચા પણ છે, ભૂલો કરતા હશે. સેન્સીબલ (સમજદાર) બાળકો જે છે, ફટથી સમાચાર લખશે. કોઇ જુએ છે કે ફલાણા માં હજી સુધી ક્રોધ છે તો એનાંથી દિલ હટી (દૂર થઈ) જાય છે પછી ઘરે બેસી જાય છે. કોઈ બ્રાહ્મણી પણ કહી દે છે કે તમે આ સેન્ટર (સેવાકેન્દ્ર) પર નહીં આવો.
બાબાને સર્વિસ સમાચાર આપવા જોઈએ. બાબા ખુશ થશે કે બાળકો સર્વિસ સમાચાર આપે છે. બાબા આજે ફલાણા ને સમજાવ્યું કે પરમપિતા પરમાત્મા સાથે તમારો શું સંબંધ છે? બાબા સ્વર્ગનો વારસો આપે છે. ૫ હજાર વર્ષ પહેલાં પણ આપ્યો હતો. આ લક્ષ્મી-નારાયણ નાં ચિત્રો છે. બાબા સમજાવતા રહે છે કે ક્યારેય કોઈ જુએ કે આ કારણે ડિસસર્વિસ (કુસેવા) થાય છે તો તરત સમાચાર આપવાનાં છે. બધાં સંપૂર્ણ તો નથી બન્યાં. બાળકોને બધુંજ સમજાવવાનું હોય છે.
બાપ કહે છે હું બાળકોની આગળ પ્રત્યક્ષ થાઉં છું. ઘણાં બાળકો જે મને જાણતાં જ નથી, એમનાં સમ્મુખ કેવી રીતે થઈશ. બાળકોને કહું છું-મીઠાં બાળકો શ્રીમત પર ચાલી પોતાનો પુરુષાર્થ કરી જીવન ઊંચુ બનાવો. તમે આખાં વિશ્વનાં માલિક બનવાનાં છો. જેટલું વધારે મને યાદ કરશો એટલું ઊંચ પદ મેળવશો, એમાં ખર્ચાની કોઈ વાત નથી, ફક્ત એજ્યુકેશન (ભણતર) છે. જેમની તકદીરમાં છે તે પાક્કા થઈ જાય છે. માયા એવી છે જે ૬-૮ વર્ષ વાળા પણ જુઓ આજે નથી. બાપ થી નથી રિસાતા પરંતુ બ્રાહ્મણીઓથી રિસાય છે. બાબા તો અહીં બેઠા છે. શિવબાબા થી રિસાયા તો ખતમ થઈ જશે. બાબા નાં સિવાય મોરલી કેવી રીતે સાંભળી શકશે.
બીજી વાત જે ક્યારેક ધ્યાન નો પાર્ટ ચાલે છે ફલાણી માં મમ્મા આવી, બાબા આવ્યાં - આ પણ માયા છે. ખૂબજ ખબરદારી થી ચાલવાનું છે. વાત કેવી રીતે કરે છે, એનાંથી સમજી જવાનું છે, કોઈ-કોઈ માં માયા નું ભૂત આવી જાય છે પછી કહે છે કે શિવબાબા આવ્યાં, મોરલી ચલાવે છે-આ બધાં માયા વિઘ્ન નાખે છે. બહુજ ટ્રેટર (દગાબાજ) નીકળી જાય છે. ખૂબ દગો આપે છે. આ બધી વાતોથી ખુબ સંભાળ કરવાની છે. ભણતર પર પૂરું ધ્યાન આપવાનું છે. નહીં તો માયા ખૂબજ હેરાન કરશે. તોફાન ખૂબ આવશે. જેમકે વૈદ લોકો કહે છે કે બિમારી બહાર નીકળશે, ડરતા નહીં. બાબા સમજાવે છે કે માયા ચાલતાં-ચાલતાં એવી અંગૂરી (આગ) લગાવશે જે બાબાને ભુલાવી દેશે. હરાવવાની ખૂબજ કોશિશ કરશે. યુદ્ધ છે જ ૫ વિકારો રુપી રાવણ સાથે. જેટલું બાબા ને યાદ કરશો તો તમારા વિકર્મ વિનાશ થશે. માયાજીતે જગતજીત પણ બનશો. બાકી સ્થૂળ લડાઈ ની કોઈ વાત નથી. યોગબળ થી જ વિશ્વની રાજાઈ મળી શકે છે. આ સમયે યોગબળ પણ છે, બાહુબળ પણ છે. આ ક્રિશ્ચન બંને મળી જાય તો વિશ્વ નાં માલિક બની શકે છે. એટલી તાકાત એમનામાં છે, પરંતુ લૉ (કાયદો) નથી. એક વાર્તા પણ છે બે બિલાડા ની. કૃષ્ણને પણ જુઓ કેવી રીતે હાથ માં ગોળો દેખાડ્યો છે. તો તમારી યાદ કાયમ રહેવી જોઈએ. કોઈપણ કારણ થી ભણતર ન છોડવું જોઈએ. વિઘ્ન તો જરુર પડશે. માયા એવી છે કે જે માથું

ફેરવી લે છે, હાર્ટફેલ કરી દે છે એટલે બાપ કહે છે બીજી બધી વાતો ને છોડી મામેકમ્ યાદ કરો. બીજ ને યાદ કરવાથી ઝાડ પણ યાદ આવી જશે. ગૃહસ્થ વ્યવહાર માં રહેતા આ કોર્સ ઉઠાવો. ભગત લોકો સવારે ઉઠીને ભક્તિ કરે છે. કાશીમાં કોઠીઓ બનેલી છે. દરેક કોઠીમાં બેસી વિશ્વનાથ ગંગા કહે છે, જાણતા કાંઈ નથી. ઈશ્વર સર્વવ્યાપી કહી દે છે. પોતાને તત્વ યોગી, બ્રહ્મ યોગી કહેવડાવે છે. આ બાબા બધી વાતો નાં અનુભવી છે. એમનાં રથ માં બેસી કહે છે કે આ બધાંને છોડો, બાકી તો બધાં રમકડા બનાવી દીધાં છે. વિષ્ણુનાં, શંકરનાં, કૃષ્ણનાં રમકડા બનાવી બેસી પૂજા કરે છે. જાણતાં કોઈને નથી, પૂજામાં ખૂબ ખર્ચો કરે છે. પથ્થરની મૂર્તિ બનાવી એને શણગારે છે. સાહૂકાર તો દાગીના પણ પહેરાવે છે. આ તો તમે જાણો છો ભક્તિમાં જે કાંઈ ભાવના થી કરે છે, એનું ફળ કાંઈ ને કાંઈ હું આપી દઉં છું. બીજા જન્મમાં સારા ભગત બની જાય છે. કોઈ ધન દાન કરે છે તો ધનવાન નાં ઘર માં, ખૂબજ દાન કરે છે તો રાજાઈ ઘર માં જન્મ મળે છે. તો પણ આ દુનિયામાં સદા માટે સુખ તો નથી એટલે સંન્યાસી આ સુખ ને માનતાં નથી. કાગ વિષ્ઠા નાં સમાન સમજે છે. તો તેઓ રાજયોગ કેવી રીતે શિખવાડશે. આખાં વિશ્વ નાં માલિક તો બેહદનાં બાપ સિવાય કોઈ બનાવી ન શકે. હવે બાપ આપ બાળકોને સન્મુખ સમજાવી રહ્યાં છે, હું ફરીથી આવ્યો છું તમને રાજયોગ શિખવાડવાં. શ્રીકૃષ્ણ નાં ૮૪ જન્મોનાં અંતમાં મેં પ્રવેશ કર્યો છે, એમનું નામ બ્રહ્મા રાખ્યું છે. મને બ્રહ્મા જરુર જોઈએ તો પ્રજાપિતા બ્રહ્મા પણ જોઈએ. જેમાં પ્રવેશ કરીને આવું, નહીં તો કેવી રીતે આવું? આ મારો રથ મુકરર (નિશ્ચિત) છે. કલ્પ-કલ્પ એમાં જ આવું છું. લખાયેલું પણ છે કે બ્રહ્મા દ્વારા સ્થાપના. કોની? વિષ્ણુપુરી ની. હમણાં તમે ભારતને વિષ્ણુપુરી બનાવી રહ્યાં છો. બીજા કોઈ આ વાત ને સમજતાં નથી કે પરમપિતા પરમાત્મા નો પાર્ટ છે, કૃષ્ણ જયંતી મનાવે છે, નર્ક ને સ્વર્ગ બનાવવા વાળા બાપ છે ને. જે બ્રાહ્મણ બની પૂરો પુરુષાર્થ કરશે તે બ્રાહ્મણ થી દેવતા બનશે, ગાયન છે કે પરમપિતા પરમાત્મા ૩ ધર્મ, બ્રાહ્મણ, સૂર્યવંશી, ચંદ્રવંશી, ધર્મ સ્થાપન કરે છે. ત્યાં બે યુગોમાં એક જ ધર્મ છે બીજો કોઈ ધર્મ નથી. બાકી બે યુગોમાં જુઓ કેટલાં ધર્મ છે.

બાળકોએ ભણતર પર પૂરું ધ્યાન આપવું જોઈએ. નહીં તો બહુજ રડવું પડશે. બધાં માટે ટ્રિબ્યુનલ (ન્યાયપંચ) બેસશે. બતાવશે કે તમે આ-આ પાપ કર્યા તેથી હું તમને બહુજ સમજાવું છું કે પાપ નહીં કરતાં, પુણ્ય આત્મા બનજો. પાપ કરશો તો ૧૦૦ ગણી સજા નાં નિમિત્ત બનશો. મારા બનીને વિકાર માં ગયાં, બાપની શ્રીમત ની અવજ્ઞા કરી તો તમારા પર ખૂબજ સજા આવશે. તે સજાઓ પણ ખુબ કઠોર હોય છે. બાપ કહે છે હું પરમધામ માં રહેવા વાળો છું. અહીં જૂની દુનિયામાં આવીને તમને વારસો આપું છું.

છતાં પણ તમે નામ બદનામ કરો છો, ત્યારે તો કહું છું કે સદ્ગુરુ નાં નિંદક સૂર્યવંશી ઘરાના (વંશજ) માં ઊંચ પદ નહીં મેળવે. નીચે પડી જાય છે, બહુજ કસમ ઉઠાવે છે. અમે તમારા સપૂત બાળકો થઈને રહીશું. લોહી થી પણ લખે છે. પરમપિતા પરમાત્મા સાથે પ્રતિજ્ઞા પણ કરે છે કે બાળક બની તમારી પાસે થી પૂરો વારસો લઈશ, પરંતુ માયા એવી છે - એ લોકો આજે નથી. પ્રતિજ્ઞા કરી પછી અપવિત્ર બન્યાં તો બહુજ દગો ખાશો. ઈશ્વરની અવજ્ઞા થઈને. બાબા ઈશારા માં બધું સમજાવતાં રહે છે. માયા ખૂબ હેરાન કરશે. નહીં તો યુદ્ધ શેનું. વિશ્વનાં માલિક બનવું, ઓછી વાત નથી. ભૂલ નથી કરવાની. ભણતર બિલકુલ નથી છોડવાનું. બાબાની સલાહ લો પછી જવાબદાર બાબા થઈ જશે. ભણતરમાં મનુષ્ય કેટલી મહેનત કરે છે. પરીક્ષા નાં સમયે ખૂબ મહેનત કરે છે. તમે પણ આગળ ચાલી જ્યારે સમય નજીક જોશો તો રાત દિવસ ભણતર માં લાગી જશો. હવે તે સમય જલ્દી આવવાનો છે. અચ્છા !

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

૧) પરસ્પર વાહિયાત (વ્યર્થ) વાતો નથી કરવાની. ક્યારેય પણ મતભેદ માં નથી આવવાનું, ભણતર કોઈ પણ હાલત માં નથી છોડવાનું.

૨) બાબાની અવજ્ઞા ક્યારેય નથી કરવાની. પ્રતિજ્ઞા કરી એનાં પર કાયમ રહેવાનું છે. સર્વિસ નો સદા શોખ રાખવાનો છે.

**વરદાન :- સમય પર યોગ ની શક્તિઓ નો પ્રયોગ કરવા વાળા સ્વ નાં સંસ્કાર સો સંસાર પરિવર્તક ભવ**

જેવી રીતે યોગ કરવા અને કરાવવામાં યોગ્ય છો એવી રીતે યોગ નો પ્રયોગ કરવામાં પણ યોગ્ય બનો. સૌથી પહેલાં પોતાનાં સંસ્કારો પર યોગની શક્તિ નો પ્રયોગ કરો કારણ કે તમારા શ્રેષ્ઠ સંસ્કાર જ શ્રેષ્ઠ સંસાર ની રચના નો પાયો છે. તો ચેક કરો કે કોઈ પણ સંસ્કાર સમય પર દગો તો નથી આપતાં? કોઈ પણ વાત હોય, વ્યક્તિ તથા વાયુમંડળ હોય પરંતુ શ્રેષ્ઠ સંસ્કારો નું પરિવર્તન કરી સાધારણ અથવા વ્યર્થ ન બનાવી દે. જે સ્વ નાં સંસ્કારો ને પરિવર્તન કરી લે છે એ જ સંસાર ને પરિવર્તન કરવાનાં નિમિત્ત બની જાય છે.

**સ્લોગન :-** નંબર આગળ લેવો છે તો સ્વભાવ ઈઝી (સરળ) અને પુરુષાર્થ અટેન્શન (જાગૃતતા) વાળો હોય.